INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                    તા. ૧૭-૦૯-૨૦૨૬

- **જન્મદિવસ પ્રધાનમંત્રીનો અને અટકાયત-ધરપકડ કોંગ્રેસ પક્ષના કાર્યકરો-પદાધિકારીઓની... !**
- **ભાજપ સરકારના ઈશારે પોલીસતંત્રની ગેરબંધારણીય કામગીરી : શ્રી હિંમતસિંહ પટેલ**

પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કોંગ્રેસ પક્ષના આગેવાનો, એન.એસ.યુ.આઈ. યુવક કોંગ્રેસના કાર્યકરોના ઘરે મોડી રાતથી વહેલી સવાર જે રીતે પહોંચીને અટકાયત કરવામાં આવી તે ઘણી જ ગંભીર બાબત છે. દેશમાં પહેલી વખત આવી ઘટના હશે કે જેમાં જન્મ દિવસ પ્રધાનમંત્રીનો અને અટકાયત-ધરપકડ કોંગ્રેસ પક્ષના કાર્યકરો-પદાધિકારીઓની...!

ભાજપ સરકારના ઈશારે પોલીસતંત્રની ગેરબંધારણીય કામગીરી પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ કાર્યક્રમ અમલીકરણ સમિતિના કન્વીનર અને પૂર્વ ધારાસભ્યશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, લોકતંત્રમાં દરેક વ્યક્તિને તેની વાત કરવાનો અધિકાર છે. મોંઘવારી એ માઝા મૂકી છે, બેરોજગારી આસમાને છે, શિક્ષણ સતત મોઘુ થતું જાય છે. મહિલા સુરક્ષાના મુદ્દે ભાજપ સરકાર તદ્દન નિષ્ફળ છે. જનતા પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહી છે. ત્યારે, પ્રજાના પ્રશ્નોથી ભાગનારી ભાજપ સરકારના ઈશારે પોલીસતંત્ર કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનો-પદાધિકારીઓની જે રીતે અટકાયત - ધરપકડ કરી રહી છે તે સદંતર વખોડવામાં આવે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા